# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

'જ્યોતિર્મય' પરિસર, શ્રી બાલાજી મંદિર સામે,
સરખેજ–ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-382 481
E-mail : feedback@baou.edu.in Website : www.baou.edu.in


જા.નં.બાઆંઓયુ/પ્રેકટીકલપરીક્ષા/July-17/CIC/CCC/2017 Date: 30/06/2017

## પરિપત્ર

પ્રતિ,
સંયોજક/પ્રો.ઈન્ચાર્જશ્રી,

**વિષય :–** CCC-BAOU/CIC ની પ્રેકિટકલ પરીક્ષા લેવા અંગે.

મહાશય,

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, CCC-BAOU/CIC ની સત્રાંત પરીક્ષા તા. 9/7/2017 ના રોજ લેવામાં આવશે. સદરહુ અભ્યાસક્રમની જોગવાઈ પ્રમાણે પ્રેકિટકલની પરીક્ષા લેવાની થાય છે. પ્રેકિટકલ પરીક્ષા લેવા માટેના પ્રેકિટકલ્સના પેપર આપને મોકલી આપવામાં આવે છે. જેમાં તારીખવાર કુલ પાંચ બેચના અલગ–અલગ પ્રશ્નપત્રો આપવામાં આવશે. તેમાં દર્શાવ્યા મુજબ પરીક્ષા લઈ તેનું મૂલ્યાંકન કરી ગુણપત્રકને સીલબંધ કવરમાં યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ઉત્તરવહી સહિત મોકલી આપવા વિનંતી છે. **આપના કેન્દ્ર ખાતે વિદ્યાર્થીની સંખ્યા ઓછી હોય તો પણ, નીચે દર્શાવેલ સમયપત્રક અનુસાર જ પરીક્ષા લેવાની રહેશે. કેન્દ્ર પોતાની રીતે વહેલા, મોડા કે વચ્ચેના દિવસોમા પરીક્ષા લેશે તો આ પરીક્ષા અમાન્ય રહેશે અને જવાબદારી કેન્દ્ર સંચાલકની રહેશે.** જો વિદ્યાર્થીની સંખ્યા વધારે હોય તો અનુક્રમે આગળની તારીખમાં પરીક્ષા ગોઠવવાની રહેશે. તેમજ આ વિષયની સત્રાંત પરીક્ષામાં પ્રેકટિકલ પરિક્ષાના કાર્યક્રમની જાણ દરેક વિદ્યાર્થીને થાય તેવી વ્યવસ્થા કરવા વિનંતી તેમજ કયા વિદ્યાર્થીઓને કઈ તારીખે પ્રેકટીકલની પરીક્ષા આપવાની થાય છે તે પ્રેકટીકલ પરીક્ષાનો કાર્યક્રમ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીને મોકલવામાં આવેલ હોલ ટીકીટમાં જણાવેલ છે તથા આપાના દ્વારા નોટીસ બોર્ડ પર મુકવો. વિદ્યાર્થીએ પ્રેકટીકલની પરીક્ષા જે અભ્યાસકેન્દ્રમાં પ્રવેશ મેળવેલ હોય ત્યાં જ આપવાની રહેશે.

### કાર્યક્રમ નીચે મુજબ ગોઠવવાનો રહેશે

| તારીખ | બેચ નંબર | વિદ્યાર્થીની સંખ્યા | સમય |
|---|---|---|---|
| **CIC/CPCS**<br>10/07/2017 Monday | 1 | 20 | 10.00 to 11.00 |
| **CCC-BAOU** | | | |
| 10/07/2017 Monday | 1 | 20 | 11.30 to 12.30 |
| " | 2 | 20 | 1.00 to 2.00 |
| " | 3 | 20 | 2.30 to 3.30 |
| " | 4 | 20 | 4.00 to 5.00 |
| 11/07/2017 Tuesday | 5 | 20 | 10.00 to 11.00 |
| " | 6 | 20 | 11.30 to 12.30 |

પ્રેકટીકલ પરીક્ષાના દિવસોમા યુનિવર્સિટી દ્વારા નિમણૂંક કરવામાં આવેલ નિરિક્ષકો આવશે, તેમને સાથ અને સહકાર આપવો.

ઈ.ચા. પરીક્ષા નિયામક

**નોધ:–**

૧)જે કેન્દ્રો પર 100 કરતાં વધારે વિદ્યાર્થીઓ પ્રેકટીકલની પરીક્ષા આપવાના હોય તે કેન્દ્રોએ પોતાના ત્યાંના કમ્પ્યુટરની સંખ્યા અન્વયે વિદ્યાર્થીઓની નિર્ધારિત બેચ મુજબ જ પ્રાયોગીક પરીક્ષા લેવાની થશે. આ અંગે કોઈ માહિતી મેળવવી હોય તો, મદદનીશ કુલસચિવ (પરીક્ષા)નો ત્વરીત સંપર્ક કરવો.

૨)જે–તે દિવસે પ્રેકટીકલ પરીક્ષા પૂર્ણ થાય તે જ દિવસે પ્રેકટીકલના માર્કસ અને ઉત્તરવહીઓ કવરમાં સિલ કરીને ફકત ઈન્સયોરડ પોસ્ટ પાર્સલથી મોકલી આપવાના રહેશે. કેન્દ્રો જો પ્રશ્નપત્રો/માર્કસ રૂબરૂ લઈને આવશે તો કોઈપણ ભાડા/ભથ્થા મળવાપાત્ર નહી રહે

૩)ઉપરોકત માહિતી અન્વયે કોમ્પ્યુટરની સંખ્યાને આધારે તેમજ તારીખ અને બેચ નંબર મુજબ જ પરીક્ષા લેવી.